**VEER NARMAD**
**SOUTH GUJARAT UNIVERSITY**
**Udhna-Magdalla Road, P.B. No. 49**
**SURAT - 395 007 (Gujarat)**
: 2227141 to 2227146
**Fax :** (0261) 2227312
**Gram :** SOGUNI

**વીર નર્મદ**
**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
**ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯**
**સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)**
**: ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬**
**ફેકસ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**તાર :** સોગુની

**E-mail :** sgu@sguernet.in

ખાનગી
ફકત સભ્યોની જાણ માટે

સિન્ડિકેટની સામાન્ય સભા
તા. ૧૨–૮–૨૦૦૪

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા. ૧૨–૮–૨૦૦૪ ના રોજ બપોરે ૨.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| **ક્રમ** | | **તા.૧૨–૮–૦૪** |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | ગેરહાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |

(૧) સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ, વાલિયામાં શૈક્ષણિક વર્ષ:૨૦૦૪–૨૦૦૫ થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના સેક્રેટરીશ્રીએ તેમના તા.૧૨–૭–૨૦૦૪ના પત્રાંક: એસવીઆઈએમએસએઆર/૨૦૦૩–૨૦૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીસ એન્ડ રીસર્ચ,વાલિયાએ મોકલેલી શૈક્ષણિક વર્ષ:૨૦૦૪–૨૦૦૫ની જોડાણ અરજીમાં ટ્રસ્ટી/સેક્રેટરીની સહી નથી, તેમજ નિયત સમયમાં અરજી કરેલ નથી તે અંગે કોલેજનાં ટ્રસ્ટ પાસેથી ખુલાસો મંગાવવો અને નવેસરથી અરજી કરવા જણાવવું.

વધુમાં કુલપતિશ્રીને સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક કરવાની સત્તા આપવી.

(૨) સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓનાં નવા/ચાલુ જોડાણ અંગેનો ઓર્ડિનન્સ–૬૬(૨)(બી) માં જરૂરી સુધારો/વધારો કરવા અંગે કુલપતિશ્રીએ નિયુકત કરેલ સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૩) યુનિવર્સિટી સંલગ્ન ડી.આર.બી.કોમર્સ કોલેજ, ભરથાણામાં અંગ્રેજી માધ્યમમાં પ્રથમ વર્ષ માટેના નવા જોડાણ મેળવ્યા વગર અંગ્રેજી માધ્યમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ આપી, ફી ઉઘરાવી લીધી છે, તે અંગેના સિન્ડિકેટ, તા.૧૫/૧૭–૭–૨૦૦૪ના રોજ મળેલ સભાના ઠરાવની યુનિવર્સિટી કાર્યાલયના તા:૧૯–૭–૨૦૦૪ના પત્રાંક: એસ–એ(ભરથાણા)(૦૪)/૫૯૯૯ થી જાણ કરતાં કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ, ભરથાણાના પ્રમુખશ્રીએ તેમના તા.૨૨–૭–૨૦૦૪ના પત્રથી ફેર વિચારણા કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: ઉપરોકત બાબત વિચારણામાંથી પરત ખેંચી લેવામાં આવી હતી.

(૪) યુનિવર્સિટી સંલગ્ન (અનુદાનપાત્ર તેમજ સ્વનિર્ભર) કોલેજો ટેકનીકલ સંસ્થા/કોલેજો સિવાયની આર્ટસ, સાયન્સ, કોમર્સ અને એજ્યુકેશન વિદ્યાશાખાની કોલેજોમાં જે તે વિષયોના વ્યાખ્યાતાઓની પસંદગી કરતી વખતે ગુજરાત સરકારની સેટ/નેટ પરીક્ષા ફરજીયાત પાસ કરવાની હોય છે, પરંતુ હાલમાં તેવા ઉમેદવારો નહીં હોવાથી તેવા વ્યાખ્યાતાઓને યુનિવર્સિટીની માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતમાં જણાવ્યા મુજબ હાલમાં સેટ/નેટ પરીક્ષા પાસ કરેલ ઉમેદવારો નહીં હોવાથી શૈક્ષણિક કાર્યને ધ્યાનમાં રાખીને પસંદગી પામતી જે તે વ્યકિતઓને ૧૧ માસમાં સેટ/નેટ પરીક્ષા પાસ કરે તે શરતે માન્યતા આપવાનું રાખવું તેમજ સંચાલક મંડળે સેટ/નેટ પરીક્ષા પાસ કરેલ ઉમેદવારો મળી રહે તે માટે બહોળી પ્રસિધ્ધિ (**wide publicity**) આપવી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગુજરાત રાજયના વિવિધ વિષયઓ માટે નેટ/સ્લેટ (**NET/SLET**) પરીક્ષા પાસ કરેલા વિદ્યાર્થીઓની યાદી તૈયાર કરવા બહોળી પ્રસિધ્ધી ધરાવતી જાહેરાત વર્તમાન પત્રમાં આપે તથા તે યાદી જે તે જરૂરી કોલેજને મોકલી આપે અને કોલેજ તે વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુંમાં બોલાવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારની સેટ/નેટ પરીક્ષા પાસ કરવા જરૂરી અભ્યાસ માટે નીચે મુજબનાં સભ્યોની એક સમિતિની રચના કરવી.

(૧) ડૉ.વિક્રમભાઈ દેસાઈ

(૨) ડૉ.વિપુલ સોમાણી

(૩) ડૉ.પી.કે.હીરાધર

(૪) પ્રિ.જી.પી.સનાઢ્ય

(૫) ડૉ.કે.વી.દેસાઈ

(૫) સને ૨૦૦૪–૨૦૦૫ના શૈક્ષણિક વર્ષમાં સ્વનિર્ભર કોલેજમાં ચાલતા અભ્યાસક્રમો માટે મેનેજમેન્ટ ક્વોટના પ્રવેશ આપવા અંગે શુક્રવાર તા.૧૬–૭–૨૦૦૪ ના રોજ મળેલી સમિતિની સભાની કાર્યવાહી નોંધ પર વિચારણા કરવા બાબત. (શૈક્ષણિક)

:: ઉપરોક્ત બાબત વિચારણામાંથી પરત ખેંચી લેવામાં આવી હતી.

(૬) એકેડેમિક કાઉન્સિલની તા.૦૮–૦૩–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક: ૧૮ થી કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"ગ્રાન્ટ ઈન એઈડ/સ્વનિર્ભર કોલેજોમાં કે જ્યાં પ્રિન્સીપાલ/ડાયરેકટરશ્રીની જગા ખાલી પડે ત્યાં પ્રિન્સીપલનો ચાર્જ સિનિયર ટીચરને આપવો અને તેની પૂર્વમંજૂરી યુનિવર્સિટી પાસેથી મેળવી લેવી. વધુમાં જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા અપાયેલ નિમણૂંક વહેલામાં વહેલી તકે કરવી. એવી ભલામણ સિન્ડિકેટને કરવામાં આવે છે." (શૈક્ષણિક)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણનો સ્વીકાર કરવો.

(૭) યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા નીચે દર્શાવેલ બિન–શૈક્ષણિક કર્મચારીઓને આપવામાં આવેલ નિમણૂકના સંદર્ભમાં બે વર્ષનો અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેઓને નોકરીમાં કાયમ કરવા કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

| ક્રમ | નામ | હોદ્દો | વિભાગ | નિમણૂંકની તારીખે | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી મનહર ડી.પટેલ | જુ.કલાર્ક/ ટાઈપીસ્ટ | પરીક્ષા | ૧૭–૯–૦૨ | ૧૬–૯–૦૪ |
| ૨ | શ્રી મોહન સી.પટેલ | " | યુ.ક.શા.શિ. | ૧૭–૯–૦૨ | ૧૬–૯–૦૪ |
| ૩ | શ્રી જે.કે.ટોપીવાલા | " | સિન્ડિકેટ | ૧૭–૯–૦૨ | ૧૬–૯–૦૪ |
| ૪ | શ્રી એસ.સી.પટેલ | " | વહીવટી | ૧૭–૯–૦૨ | ૧૬–૯–૦૪ |
| ૫ | શ્રી એસ.પી. રાણા | " | વહીવટી | ૧૭–૯–૦૨ | ૧૬–૯–૦૪ |
| ૬ | શ્રી એચ.ડી.મહેતા | " | અનુસ્નાતક | ૧૭–૯–૦૨ | ૧૬–૯–૦૪ |
| ૭ | કુ.કૃતિ જી.ભાઉ | " | હિસાબી | ૧૮–૯–૦૨ | ૧૭–૯–૦૪ |
| ૮ | કુ.રાગીણી બી. પટેલ | " | એકેડેમિક | ૧૮–૯–૦૨ | ૧૭–૯–૦૪ |
| ૯ | શ્રી આર.એન.મીઠાઈવાલા | " | બાંધકામ | ૧૮–૯–૦૨ | ૧૭–૯–૦૪ |
| ૧૦ | શ્રી એમ.આર.પટેલ | " | બાંધકામ | ૧૯–૯–૦૨ | ૧૮–૯–૦૪ |
| ૧૧ | શ્રી વી.એલ.પ્રજાપતિ | " | સીડીસી | ૧૯–૯–૦૨ | ૧૮–૯–૦૪ |

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વિવિધ વિભાગમાં ફરજ બજાવતા ઉપર જણાવેલા જે તે કર્મચારીઓનાં બે વર્ષનાં અજમાયશી સમયની મુદ્દત તેમનાં નામ સામે જણાવેલ તારીખે પૂરી થતી હોવાથી તેઓને તેમના નામ સામે જણાવેલ નોકરીમાં કાયમી કરવાની તારીખથી તે પદ પર યુનિવર્સિટીની નોકરીમાં કાયમ કરવા.

(૮) યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતા નીચે દર્શાવેલ બિન–શૈક્ષણિક કર્મચારીઓને આપવામાં આવેલ નિમણૂંકના સંદર્ભમાં બે વર્ષનો અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેઓને નોકરીમાં કાયમ કરવા કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

| ક્રમ | નામ | હોદ્દો | વિભાગ | નિમણૂંકની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સી.પી.પટેલ | નાયબ કુલસચિવ | વહીવટી | ૨૭–૮–૨૦૦૨ | ૨૬–૮–૨૦૦૪ |
| ૨ | શ્રી એમ.જી.નાદુરમઠ | યુનિવર્સિટી ઈજનેર | બાંધકામ | ૯–૮–૨૦૦૨ | ૮–૮–૨૦૦૪ |

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વિવિધ વિભાગમાં ફરજ બજાવતા ઉપર જણાવેલા જે તે કર્મચારીઓનાં બે વર્ષનાં અજમાયશી સમયની મુદ્દત તેમનાં નામ સામે જણાવેલ તારીખે પૂરી થતી હોવાથી તેઓને તેમના નામ સામે જણાવેલ નોકરીમાં કાયમી કરવાની તારીખથી તે પદ પર યુનિવર્સિટીની નોકરીમાં કાયમ કરવા.

(૯) યુનિવર્સિટી કાર્યાલયમાં બઢતીથી એક વર્ષના અજમાયશી સમય પર નિમણુંક પામેલ નીચે જણાવેલ કર્મચારીઓના નામ સામે જણાવેલ તારીખે કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.. (વહીવટી)

| ક્રમ | કર્મચારીના નામ | હોદ્દો | નિમણૂંકની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી એ.આર.સોલંકી | હેડકલાર્ક | ૨૨–૭–૨૦૦૩ | ૨૧–૭–૨૦૦૪ |
| ૨ | શ્રી સુમન ડી.દેસાઇ | " | ૨૨–૭–૨૦૦૩ | ૨૧–૭–૨૦૦૪ |
| ૩ | શ્રી કે.એમ.ભટ્ટ | કા.અધિક્ષક | ૧૧–૮–૨૦૦૩ | ૧૦–૮–૨૦૦૪ |
| ૪ | શ્રી એસ.જી.જેરોલ્ડ | " | ૧૧–૮–૨૦૦૩ | ૧૦–૮–૨૦૦૪ |
| ૫ | શ્રી એમ.આર.દેસાઇ | હેડકલાર્ક | ૧૮–૯–૨૦૦૩ | ૧૭–૯–૨૦૦૪ |

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં એક વર્ષનાં અજમાયશી ધોરણે બઢતી પામેલા જે તે કર્મચારીઓનાં અજમાયશી સમયની મુદ્દત તેમનાં નામ સામે જણાવેલ તારીખે પૂરી થતી હોવાથી તેઓને તેમના નામ સામે જણાવેલ નોકરીમાં કાયમ કરવાની તારીખથી તે પદ પર યુનિવર્સિટીની નોકરીમાં કાયમ કરવા.

(૧૦) યુનિવર્સિટી લેડિઝ હોસ્ટેલનાં વોર્ડનશ્રીનાં તા.૧/૭/૦૪નાં નીચે દર્શાવેલ વિગતો બાબતનાં પત્ર બાબત વિચારણા કરવા બાબત.

(૧) હોસ્ટેલમાં પ્રવેશ મેળવવા માટે અત્યાર સુધી વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રવેશફોર્મ ની ફી લેવામાં આવતી નથી જે હવે પ્રવેશ ફોર્મની ફી ની રકમ રૂ.૧૦/– લેવા માટે સૂચન છે.

(૨) યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવાનાં ગેસ્ટચાર્જ હાલ રૂ.૧૦/– દરરોજ લેવામાં આવે છે. તેને બદલે રૂ.૨૦/– દરરોજના વ્યકિતદીઠ લેવા માટે સૂચન છે.

(૩) યુનિવર્સિટી હોસ્ટેલમાં જમવાનાં <u>ગેસ્ટચાર્જ</u> હાલ એક ટંક ના રૂ.૧૫/– લેવામાં આવે છે. તેને બદલે રૂ.૨૦/– વ્યકિતદીઠ લેવા માટે સૂચન છે.

(હોસ્ટેલ ફોર્મ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, લેડીઝ હોસ્ટેલનાં વોર્ડનશ્રીનાં ઉપરોકત પત્ર પર ચર્ચા વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫નાં નવા સત્રથી નીચે મુજબની ફી લેવાનું રાખવું :

(૧) હોસ્ટેલ પ્રવેશ ફોર્મની ફી રૂ.૧૦/– લેવી.
(૨) દરરોજનાં વ્યકિતદીઠ રહેવાનાં ગેસ્ટ ચાર્જ તરીકે રૂ.૨૫/– લેખે લેવા.
(૩) દરરોજનાં વ્યકિતદીઠ જમવાનાં ગેસ્ટ ચાર્જ તરીકે રૂ.૨૦/– લેખે લેવા.

(૧૧) યુનિવર્સિટીમાં Centre/s of Excellence in Post-graduate studies and research **-** સ્થાપવા સિન્ડિકેટે સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ હોય, તેના અમલ/પ્રોસેસ બાબતનાં સૂચનો કરતાં બાયોસાયન્સ વિભાગનાં વડાશ્રી ડો.પી.કે.હિરાધર ના તા.૨૩–૬–૨૦૦૪ ના કુલપતિશ્રીને લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાયોસાયન્સ વિભાગનાં વડાશ્રીએ તેમનાં ઉપરોકત પત્ર અન્વયે કરેલા જે તે સૂચનોનો સ્વીકાર કરવો.

(૧૨) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે એમ.ફીલ/પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિધાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા.૧૪/૮/૨૦૦૩ નાં ઠરાવ નં.૧૮ અન્વયે નીમેલી સમિતિની તા.૨૬/૫/૨૦૦૪ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૦૩–૨૦૦૪ માટે એમ.ફિલ./પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા વિધાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની તા.૨૬/૫/૦૪ની સભાની ભલામણો સ્વીકારવી.

(૧૩) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે સિન્ડિકેટે તેની તા.૧૪/૮/૨૦૦૩નાં ઠરાવ નં.૧૭ અન્વયે નીમેલી સમિતિની તા.૨૧/૫/૨૦૦૪ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૦૩–૨૦૦૪ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા સિન્ડિકેટે નીમેલી સમિતિની તા.૨૧/૫/૦૪ની સભાની ભલામણો સ્વીકારવી.

(૧૪) દક્ષિણ ગુજરાત યુનિ.સંલગ્ન કોલેજોનું વહીવટી કર્મચારી મંડળના પ્રમુખશ્રી ચેતન કે. પંડ્યાના તા.૧૩–૨–૦૪ના પત્ર ક્રમાંક ૪૮૩/૨૦૦૩–૨૦૦૪ થી અનુસ્નાતક કેન્દ્રના વહીવટી કામગીરી માટે હાલના પ્રવર્તમાન દરમાં ફેરફાર કરવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ:– રાજયની અન્ય યુનિ.માં અનુસ્નાતક ભાગ–૧ અને ૨ ના વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ ચુકવાતી વહીવટી ખર્ચની માહિતી નીચે મુજબ છે.) (અનુસ્નાતક)

| યુનિવર્સિટી વિગત | સૌરાષ્ટ્ર રૂા. | નોર્થ ગુજરાત રૂા. | ભાવનગર | ગુજરાત |
|---|---|---|---|---|
| વિદ્યાર્થી દીઠ વહીવટી ખર્ચ (લેબોરેટરી વગર) | ૨૫/– સત્ર દીઠ અથવા બેઝીક મીનીમમ ૭૫૦/– | ૩૦/– સત્ર દીઠ | અનુસ્નાતક વહીવટી કેન્દ્રને ખર્ચ ચૂકવવાની જોગવાઈ નથી. | *Rs.80/-per students per term Rs.430/- per term whichever is more for payment of remunaration to the library and office staff for all P.G. Centre taken together library and office staff for all P.G. Centre taken together.<br>*In addition there to a sum of Rs.110/-per term student is also payable as remunaration to the Laboratory staff only for the science subject out of the Financial Assistance admissible according to the rates mentioned in P.G.Rule-44(b) |
| લેબોરેટરી સાથે (વધારાના) | – | – | | |
| પ્રોફેસર ઈન ચાર્જ મહેનતાણું | ૧૦૦૦/– | – | | |
| કેન્દ્ર દીઠ બેઝીક મીનીમમ | ૭૫૦/– એક કેન્દ્ર દીઠ ૧૦૦૦/– બે અથવા વધારે કેન્દ્રો માટે | ૨૦૦/– વાર્ષિક(૧૦ વિદ્યાર્થી હોવા જરૂરી) ૧૦૦/– વાર્ષિક (૧૦ વિદ્યાર્થી થી ઓછા હોય તો) | | |

:: આથી ઠરાવવામાં આવે છે કે, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનું વહીવટી કર્મચારી મંડળનાં પ્રમુખશ્રીનાં તા.૧૩–૨–૦૪નાં પત્ર પર વિચારણા કરવા નીચે મુજબનાં સભ્યોની સમિતિની રચના કરવી.

(૧) ડો.પી.કે.હીરાધર

(૨) પ્રા.જયેશભાઈ દેશકર

(૩) પ્રિ.જી.પી.સનાઢય

(૪) ડો.જશવંતભાઈ પરમાર

(૧૫) વલસાડની જે.પી.શ્રોફ આર્ટસ કોલેજમાં ચાલતુ એમ.એ.(ઈકોનોમીકસ) ભાગ–૧ નું અનુસ્નાતક કેન્દ્ર શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી (ટીચીંગ સ્ટાફના અભાવે) બીયુટી/એસી/સિન્ડિકેટની મંજૂરીથી બંધ કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે મોટી સંખ્યા (૬૦૦) માં પ્રવેશ અરજીઓ મળેલ છે. તે લક્ષમાં લેતાં, યુનિવર્સિટીનાં ઈકોનોમીકસ ડિપાર્ટમેન્ટ હસ્તક ૫૦ (પચાસ) વિદ્યાર્થીઓનાં રેગ્યુલર ડીવીઝન ઉપરાંત વાર્ષિક રૂા.૧૦,૦૦૦ (દસ હજાર) ની હાયર પેમેન્ટ સીટનાં ધોરણે ભરવા વધારાનું ૫૦(પચાસ) વિદ્યાર્થીઓનું ડીવીઝન શરૂ કરવા અંગે મંજૂરી માંગતા ઈકોનોમીકસ ડિપાર્ટમેન્ટનાં

વિભાગીય વડાનાં તા.૧૭–૭–૨૦૦૪નો પત્રાંક Eco/MA/Admn/3591/04 ની દરખાસ્ત પર વિચારણા કરવા બાબત. (અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વલસાડની શ્રીમતી જે.પી.શ્રોફ આર્ટસ કોલેજમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૦૫ થી બંધ કરવામાં આવેલ એમ.એ(ઈકોનોમીકસ) ભાગ–૧નું અનુસ્નાતક કેન્દ્રમાં ચાલુ વર્ષે પ્રવેશ માટે થયેલા ધસારાને ઘ્યાનમાં લઈને યુનિવર્સિટીનાં ઈકોનોમીકસ ડિપાર્ટમેન્ટમાં ૫૦(પચાસ) વિદ્યાર્થીઓના રેગ્યુલર ડિવીઝન ઉપરાંત વાર્ષિક રૂા.૧૦,૦૦૦/–(દસ હજાર) ની હાયર પેમેન્ટ સીટના ધોરણે શૈક્ષણિક વર્ષ:૨૦૦૪–૦૫ થી વધારાના ૫૦(પચાસ) વિદ્યાર્થીઓનું ડિવીઝન શરૂ કરવા અંગે ઈકોનોમીકસ ડિપાર્ટમેન્ટના વડાશ્રીની ભલામણ સ્વીકારવી.

(૧૬) યુનિવર્સિટી ઘ્વારા બહાર પડાતા વિવિધ પ્રકારના અરજી ફોર્મ તથા પ્રોસ્પેકટસ પોષ્ટ ઓફિસ મારફતે વેચવા અંગેના શ્રી કે.કે.યાદવ, સિનિ.સુપ્રિ. ઓફ પોષ્ટ ઓફિસ, સુરતના તા.૨૭–૫–૦૪ના પત્ર આ સાથે સામેલ છે.

(નોંધ :– ફોર્મ વેચાણ અંગે ફોર્મ/પ્રોસ્પેકટ દીઠ રૂા.૫/– સર્વિસ ચાર્જ જણાવેલ છે.) (હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિનિયર સુપ્રિ.ઓફ પોસ્ટ ઓફિસ, સુરતનાં તા.૨૭–૫–૦૪નાં પત્રનો સૈઘ્ધાંતિક સ્વીકાર કરવો અને તેમનાં પત્રમાં દર્શાવ્યા મુજબ તેમનાં ડિપાર્ટમેન્ટ તરફથી જુદા જુદા પ્રકારનાં અરજી પત્રકો વેચવા માટેનાં ચાલુ કરેલા "Retail Post Service" ઉપરથી વિવિધ સંસ્થાઓ, કોલેજો, વિવિધ યુનિવર્સિટીઓ વગેરેનાં અરજીપત્રકો જે રીતે એક નંગ દીઠ રૂા.૫/– નાં સર્વિસ ચાર્જ લઈને વેચવામાં આવે છે તે રીતે આપણી યુનિવર્સિટીનાં વિવિધ પ્રકારના ફોર્મ્સ, જે તે અભ્યાસક્રમોનાં ફોર્મ્સ, અરજીપત્રકો વગેરેનું વેચાણ કરવા માટે આપવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આપણી યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોને પણ જે તે ફોર્મ્સનું વેચાણ કરવા માટે આપવા.

(૧૭) સ્પર્ધાત્મક પરીક્ષાના (Competitive Examination) ટ્રેનીંગ પ્રોગ્રામ શરૂ કરવા અંગે ઈકોનોમીકસ વિભાગના રીડર ડો.કિરણ પંડ્યાના તા.૨૯–૭–૦૪ના પત્રક્રમાંક : ઈકો./કેએમપી/પ્રપોઝલ/૩૯૨૩/૦૪ ના પત્ર પર વિચારણા કરવા બાબત. (શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાનાં (Competitive Examination) (જેવી કે નેટ/સ્લેટ/જી.પી.એસ.સી./યુ.પી.એસ.સી. વગેરે) ટ્રેનીંગ પ્રોગ્રામ શરૂ કરવા અંગેનાં ઈકોનોમિકસ વિભાગનાં રીડર ડો.કિરણ પંડ્યાએ તા.૨૯–૭–૦૪નાં પત્રથી કરેલ વિનંતી સ્વીકારવી અને તે અંગેની આગળની આનુષાંગીક કાર્યવાહી કરવા સમિતિ બનાવવી.

૧ ડૉ. કિરણ પંડ્યા

૨ ડૉ. પી.કે. હિરાધર

૩ પ્રા. જયેશભાઈ દેશકર

૪ ડૉ. વિપુલ સોમાણી

(૧૮) વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગના ઈનોવેટીવ પ્રોગ્રામ હેઠળ જાહેર વહીવટી વિભાગમાં 'Public Systems Management' (પબ્લીક સીસ્ટમ મેનેજમેન્ટ) નો બે વર્ષના પીજી ડીપ્લોમાં અભ્યાસક્રમ શરૂ કરવા તથા તે અંગે થનાર અનાવર્તક અને આવર્તક ખર્ચ તા.૧–૪–૨૦૦૪ થી ૩૧–૩–૨૦૦૯ પાંચ વર્ષના સમયગાળા માટે રૂા.૨૧.૨૫ લાખ(એકવીસ લાખ પચ્ચીસ હજાર) મંજૂર કર્યા અંગેની જાણ કરતા વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના તા.૩૧–૩–૨૦૦૪ના પત્રક્રમાંક:F-14-34/2004(INNO./ASIST) ની નોંધ લેવા તથા તેમાં દર્શાવેલ શરતો સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત. (યુજીસી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગનાં ઈનોવેટીવ પ્રોગ્રામ હેઠળ જાહેર વહીવટી વિભાગમાં "Public Systems Management" નાં બે વર્ષનો પીજી ડીપ્લોમાં અભ્યાસક્રમ શરૂ કરવા તથા તે અંગે થનાર અનાવર્તક અને આવર્તક ખર્ચ ૧–૪–૦૪ થી ૩૧–૩–૦૯ સુધીનાં પાંચ વર્ષનાં સમયગાળા માટે રૂા.૨૧.૨૫ લાખ મંજૂર કર્યાની જાણ કરતા વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગનાં ઉપરોકત પત્રની નોંધ લેવી તથા તેમાં દર્શાવેલ શરતોનો સ્વીકાર કરવો.

**<u>નોંધ લેવા બાબત.</u>**

(૧૯) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગના ઈનોવેટીવ પ્રોગ્રામ હેઠળ જાહેર વહીવટી વિભાગમાં "Public Systems Management" ના બે વર્ષના પીજી ડીપ્લોમાં અભ્યાસક્રમ અંગે થનાર આવર્તક અને અનાવર્તક ખર્ચ માટે પ્રથમ હપ્તા તરીકે 'On Account' રૂા.૧૦,૩૦,૦૦૦/– (દસ લાખ ત્રીસ હજાર પૂરા) મંજૂર કર્યા અંગેની જાણ કરતા આયોગના તા.૩૧–૩–૨૦૦૪ના પત્રાંક No.F.14-23/2004 (INNO/ASIST) ની નોંધ લેવા સારૂં...

(યુજીસી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગનાં ઈનોવેટીવ પ્રોગ્રામ હેઠળ જાહેર વહીવટી વિભાગમાં "Public Systems Management" નાં બે વર્ષનાં પીજી ડીપ્લોમાં અભ્યાસક્રમ અંગે થનાર આવર્તક અને અનાવર્તક ખર્ચ માટે પ્રથમ હપ્તા તરીકે "On Account" રૂા. ૧૦,૩૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ લાખ ત્રીસ હજાર પુરા) મંજૂર કર્યાની જાણ કરતા આયોગનાં ઉપરોકત પત્રની નોંધ લેવી.

(૨૦) વલસાડની શાહ કે.એમ.લો કોલેજમાં કાયમી આચાર્યશ્રીની નિમણૂક અંગે સંચાલકમંડળના સેક્રેટરીશ્રીના તા : ૧૦–૬–૨૦૦૪ અને તા: ૨૭–૭–૨૦૦૪ના આવેલા પત્ર ની નોંધ લઈને લો કોલેજમાં કાયમી આચાર્યની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી લાંબી ચર્ચા વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત સંચાલક મંડળનાં સેક્રેટરીશ્રીનાં બંને પત્રોની નોંધ લઈને પ્રસ્તુત કોલેજમાં કાયમી આચાર્યની નિમણૂંક કરવા માટેની ખ્યાતનામ વર્તમાનપત્રોમાં ફરીથી જાહેરાત પ્રસિધ્ધ કરવા જણાવવું.

(૨૧) કોલેજનું નવું/વધારાનું/ચાલુ જોડાણની અરજી અંગેની અરજી ફી, લેટ ફી તથા અરજી ફી પરત કરવા અંગેનો ઓર્ડિનન્સ – ૬૬(૧) માં જરૂરી સુધારો/વધારો કરવા અંગે સિન્ડિકેટે, તેની તા.૯–૧–૨૦૦૪ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૮૭) અન્વયે, નિયુકત કરેલ સમિતિએ જરૂરી/સુધારા સાથે રજૂ કરેલ ઓર્ડિનન્સ–૬૬(૧) ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૨૨) ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ ટેકનોલોજી (સ્પાન) ઉધના સુરત, મેડિકલ ટેકનોલોજીના પીજી ડિપ્લોમાં અભ્યાસક્રમ બંધ કરવા પ્રસ્તુત સંસ્થાના નિયામકશ્રી અને આઈએમટી એન્ડ ચેરમેન, સ્પાન એજ્યુકેશન ફાઉન્ડેશનના તા.૨૯–૮–૨૦૦૩ના પત્રાંક:આઈએમટી/ એફી.ફી/૦૩/૩૧ ઉપર વિચારણા કરી સિન્ડિકેટે તેની તા.૯–૧–૨૦૦૪ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક :(૮૮) અન્વયે, પ્રસ્તુત સંસ્થાના સદરહુ પત્રની નોંધ લેવી અને પ્રસ્તુત બાબત અંગેનો પત્ર વ્યવહાર / રેકોર્ડ ની ચકાસણી કરવા ચકાસણી સમિતિની નિમણૂક કરવી. પ્રસ્તુત ચકાસણી સમિતિનાં સભ્યોએ પ્રસ્તુત સંસ્થાની મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ ટેકનોલોજી (સ્પાન) ઉધના સુરતના નિયામકશ્રીના તા.૨૯–૮–૨૦૦૩ ના પત્રાંક : આઈ એમ ટી / એફ ફી/ ૦૩/૩૧ થી કરેલ વિનંતી ગ્રાહય રાખવી, અને એમ.એસસી. (મેડીકલ ટેકનોલોજી) ચાલુ રાખવું હોય તો સંસ્થાને નવેસરથી જોડાણ અરજી કરવા જણાવવું.

(૨૩) પરીક્ષા આચાર સમિતિની તા.૧૭–૭–૨૦૦૪ ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત... (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૭–૭–૨૦૦૪ની સભાની ભલામણ સ્વીકારવી.

(૨૪) ઈજનેરી વિદ્યાશાખા હેઠળની પરીક્ષાઓમાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ 'બેચલર ઓફ આર્કિટેકચર'(બી.આર્ક.) શીખવવામાં આવે છે. એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૯–૯–૧૯૯૯ની સભાના

ઠરાવ ક્રમાંક : ૭૬ હેઠળ "બેચલર ઓફ આર્કિટકચર (બી.આર્ક.)ની ડીગ્રી સ્ટેટયુટ–૨૨૯ માં સમાવેશ કરવા સિન્ડિકેટને ભલામણ કરી હતી જે સેનેટે તા.૨૪/૨૫–૩–૨૦૦૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૯ હેઠળ મંજૂર કરી હતી. જેમાં શરતચૂક થી "બેચલર ઓફ આર્કિટકચર"(બી.આર્ક.) ને બદલે 'બેચલર ઓફ એન્જિનીયરીંગ (આર્કિટકચર) ઉલ્લેખ કરેલ છે, જેમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અન્વયે સૂચવેલ સુધારો કરવા અંગેની ભલામણનો સ્વીકાર કરવો અને સ્ટેટયૂટ–૨૨૯માં આમેજ કરવા અંગેની આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવી.

(૨૫) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ તેમજ સંલગ્ન કોલેજમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે તેઓની ફરજીયાત થેલેસેમીયાની તબીબી તપાસ કરવા અંગેનો ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાંચનો તા.૨૯/૫/૨૦૦૪નાં પત્ર પર સિન્ડિકેટે તેની તા.૧૮/૬/૨૦૦૪ની સભાના ઠરાવ નં.૨ હેઠળ નીમેલી સમિતિની તા.૩૧/૭/૨૦૦૪ની સભાના ઠરાવ નં.૧ ની પેટા ભલામણો ૧ થી ૬ હેઠળ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ તેમજ સંલગ્ન કોલેજમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે તેઓની ફરજિયાત થેલેસેમીયાની તબીબી તપાસ કરવા અંગેનાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત સ્ટેટ બ્રાન્ચનાં પત્ર પર સિન્ડિકેટે નીમેલી સમિતિની તા.૩૧–૭–૦૪ની સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(૨૬) શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ થી બાયો સાયન્સ અનુસ્નાતક વિભાગમાં એમ.એસસી (બાયો સાયન્સ)માં પ્રવેશની વધુ ૨૦ બેઠકો (૧૦ માઈક્રોબાયોલોજી)/૫ એનિમલ સાયન્સ/૫ પ્લાન્ટ સાયન્સ) હાયર પેમેન્ટ ફી સત્ર દીઠ રૂા.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પૂરાથી ભરવા અંગેના બાયોસાયન્સ વિભાગના વડાશ્રી ડૉ.પી.કે.હીરાધરના તા.૬ જુલાઈ, ૨૦૦૪ ના પત્ર ક્રમાંક: બાયોસાયન્સ/એકમિ./૩૯૫૬/૨૦૦૪ પર વિચારણા કરવા બાબત. (અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫થી બાયોસાયન્સ અનુસ્નાતક વિભાગમાં એમ.એસસી.(બાયોસાયન્સ)માં પ્રવેશની વધુ ૨૦ બેઠકો (૧૦ માઈક્રોબાયોલોજી/ ૦૫ એનીમલ સાયન્સ/૦૫ પ્લાન્ટ સાયન્સ) હાયર પેમેન્ટ ફી સત્ર દીઠ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરાથી) લઈ ભરવા અંગેનાં બાયો સાયન્સ વિભાગનાં વડાશ્રીનાં તા.૬/૭/૦૪ નાં પત્ર નં.બાયોસાયન્સ/એકમિ/૩૯૫૬/૨૦૦૪ થી કરેલી વિનંતીનો સ્વીકાર કરવો.

(૨૭) હાલમાં નાણાંકીય બાબત અંગે પ્રવર્તમાન નિયમો અંગે ઓર્ડિનન્સ ૩૬ અમલ છે. હાલના સંજોગોમાં નિયત કરાયેલી રકમોની મર્યાદા ધ્યાને લઈ સાથે દર્શાવેલા મુદ્દાઓની બાબતો વિચારણા કરી પ્રવર્તમાન ઓર્ડિનન્સ ૩૬ માં સુધારો કરવા બાબત. (હિસાબી)

નોંધ:– (૧) નવા કોર્ષ શરૂ થવા તેમજ નવી કોલેજો શરૂ થવાને કારણે વહીવટી કામમાં વધારો થયો છે.

(૨) મહેકમમાં ઘટાડો થયો છે.

(૩) આ સંજોગોમાં પ્રવર્તમાન નિર્ણય લેવાની પ્રક્રિયા કામકાજની ગતિ ધીમી કરે છે. જેથી વહીવટી પ્રશ્નો ઉભા થાય છે.

:: હાલમાં નાણાંકીય બાબત અંગે ઓર્ડિનન્સ ૩૬ માં નાણાંકીય સત્તામાં સુધારો કરવા અંગે સિન્ડીકેટને ભલામણ કરવા બાબત આવે છે.

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની તા.૩–૮–૨૦૦૪નાં રોજ મળેલી સભાની ભલામણ ક્રમાંક : ૨ થી ઓર્ડિનન્સ – ૩૬ અન્વયેની સામેલ પરિશિષ્ટ – 'ક' મુજબની સ્વીકારવી અને તદ્અનુસાર જરૂરી કાર્યવાહી કરવી.

(પરિશિષ્ટ – ક )

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબતો રજૂ થઈ હતી :</u>**

(૨૮) શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ દરમ્યાન એમ.એસસી.ભાગ–૧ માં ગણિતશાસ્ત્ર વિષયમાં પ્રવેશ આપવા સંદર્ભમાં ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી/સિન્ડિકેટ સભ્યશ્રી વિપુલભાઈ સોમાણી/ગણિતશાસ્ત્ર વિભાગના વડાશ્રી તથા બોર્ડ ઓફ સ્ટડીઝ ગણિતશાસ્ત્ર વિષયના ચેરમેનશ્રી દ્વારા તેમના તા.૯–૮–૨૦૦૪ના પત્રથી વધુ ૨૦(વીસ) પેમેન્ટ બેઠક પર પ્રવેશ આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫ થી એમ.એસસી.ભાગ–૧માં ગણિતશાસ્ત્ર વિષયમાં પ્રવેશ આપવા સંદર્ભમાં ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી/સિન્ડિકેટ સભ્યશ્રી વિપુલભાઈ સોમાણી/ગણિતશાસ્ત્ર વિભાગનાં વડાશ્રી તથા બોર્ડ ઓફ સ્ટડીઝ ગણિતશાસ્ત્ર વિષયનાં ચેરમેનશ્રી દ્વારા તેમનાં તા.૯–૮–૨૦૦૪નાં પત્રથી વધુ ૨૦(વીસ) પેમેન્ટ બેઠક પર પ્રવેશ આપવા કરેલી વિનંતી સ્વીકારવી.

(૨૯) સિન્ડિકેટે તેની તા.૧૫–૭–૦૪ ની સભાના ઠરાવ નં.૫૯ મુજબ વીર કવિ નર્મદ જન્મ જયંતી ઉજવણીના કાર્યક્રમો કરવા અંગે તા.૨૨–૭–૦૪ના રોજની સભામાં સૂચવેલા કાર્યક્રમ માટે થનાર ખર્ચ અંગે નાણાં સમિતિએ તેની તા:૩–૮–૦૪ ની ઉપરોકત બાબત સિન્ડિકેટ ની આગામી સભામાં રજૂ કરવા માટે જણાવેલ છે. (યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ કવિ નર્મદની જન્મ જયંતીની ઉજવણીના કાર્યક્રમ કરવા માટે નિયુકત કરેલ સમિતિની તા.૨૨–૭–૨૦૦૪ ના રોજ મળેલ સભાએ ભલામણ કરેલ અંદાજપત્ર સામેલ પરિશિષ્ટ 'ખ' મુજબનું મંજૂર કરવું અને તદ્અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવી.

(પરિશિષ્ટ – ખ)

(૩૦) વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટેની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ ની સત્ર વ્યવસ્થા તૈયાર કરવા પ્રસ્તુત વિદ્યાશાખાઓના અઘ્યક્ષશ્રીઓની બનેલી એક પેટાસમિતિની સિન્ડિકેટ તેની તા. ૨૯–૦૫/૦૫–૦૬–૦૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૩ અન્વયે નિમેલ પેટાસમિતિની સભા તા. ૧૧–૦૮–૦૪ ના રોજ મળી હતી, જેમાં તૈયાર કરેલ નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત. ( એકેડેમિક)

## <u>Proposed Academic Calendar for the Year 2004-2005</u>

**First Term**

Monday, 28th June, 2004 to Sunday, 6th November, 2004

**Diwali Vacation**

Sunday, 7th November, 2004 to Sunday 28th November, 2004

**Second Term**

**( For Colleges )**

Monday, 29th November, 2004 to Sunday, 7th May, 2005

**Second Term**

**( For University Departments )**

Monday, 29th November, 2004 to Saturday, 21st May, 2005

**Summer Vacation**

**( For Colleges )**

Sunday, 8th May, 2005 to Sunday, 26th June, 2005

**Summer Vacation**

**( For University Departments )**

Sunday, 22nd May, 2005 to Sunday, 26th June, 2005

**Commencement of the First Term of the Next Academic Year 2005-06**

Monday, 27th June, 2005

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામ અભ્યાસ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટેની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૦૫ ની સત્ર વ્યવસ્થા તૈયાર કરવા પ્રસ્તુત વિદ્યાશાખાઓનાં અધ્યક્ષશ્રીઓની બનેલી પેટા સમિતિની તા.૧૧–૮–૨૦૦૪નાં રોજ મળેલ સભાની ઉપરોકત ભલામણ યથાવત સ્વીકારવી.

(૩૧) શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ ની કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટેની નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા પ્રસ્તુત વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ તેમના તા.૧૨–૮–૦૪ના પત્રથી મોકલી છે, જે અંગે વિચારણા કરવા બાબત.

<u>કાનૂન વિદ્યાશાખાની સંલગ્ન કોલેજો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ માટેની સૂચિત સત્ર વ્યવસ્થા</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રથમ સત્ર/સેમેસ્ટર | – | તા.૦૧–૦૭–૨૦૦૪ થી તા.૩૧–૧૨–૨૦૦૪ |
| ૨. | દિવાળી વેકેશન | – | તા.૦૭–૧૧–૨૦૦૪ થી તા.૨૮–૧૧–૨૦૦૪ |
| ૩. | બીજું સત્ર/સેમેસ્ટર | – | તા.૦૧–૦૧–૨૦૦૫ થી તા.૦૭–૦૫–૨૦૦૫ |
| ૪. | ઉનાળુ વેકેશન | – | તા.૧૧–૦૫–૨૦૦૫ થી તા.૩૦–૦૬–૨૦૦૫ |

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ ની કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટેની સત્ર વ્યવસ્થા અંગે પ્રસ્તુત વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીની ઉપરોકત ભલામણ યથાવત સ્વીકારવી.

(૩૨) કાંઠા વિસ્તારની ભરથાણા કોમર્સ કોલેજમાં વર્ષ ૨૦૦૪–૦૫ માટે પ્રથમ વર્ષ બી.કોમ.(અંગ્રેજી માધ્યમ) માં વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકાર ધ્વારા સદર સંસ્થાને વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે તા.૦૩–૦૮–૨૦૦૪ના નોટીફીકેશનથી અંગ્રેજી માધ્યમમાં પ્રથમ વર્ષ બી.કોમ.શરૂ કરવા જે સૈધ્ધાંતિક મંજૂરી આપેલ છે તેને ધ્યાનમાં લઈને વિસ્તૃત અને લંબાણપૂર્વકની ચર્ચા વિચારણાને અંતે શૈક્ષણિક મૂલ્યોને ધ્યાનમાં લઈને પ્રથમ વર્ષ બી.કોમ. અભ્યાસક્રમની સુરતની કેન્દ્રીય પ્રવેશ સમિતિએ આ સંસ્થાને ફાળવેલા વિદ્યાર્થીઓને નીચેની શરતોના ચુસ્ત પાલનને આધિન પ્રવેશ માટે માન્ય કરવામાં આવે છે.

૧. જે વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૦૪–૦૫માં પ્રથમ વર્ષમાં (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ) સદર સંસ્થા ખાતે ડોનેશન આપીને પ્રવેશ લીધેલા છે તેઓના પ્રવેશો રદ કરવા તથા તેઓને પ્રથમ વર્ષ બી.કોમ માં કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિ ધ્વારા મેરીટ પ્રમાણે જે કોલેજોમાં જગ્યા બાકી હોય તેમાં પ્રવેશ ફાળવી આપવો.

૨. રાજ્ય સરકારની સૈધ્ધાંતિક મંજૂરી વગર પ્રવેશો કરવા માટે તથા વિદ્યાર્થીઓ પાસેથી ગેરકાર્યદસર રીતે અનધિકૃત રીતે ડોનેશનના સ્વરૂપે નાણાં ઉઘરાવ્યા માટે કથીત ડોનેશનથી મળતાં નાણાં ઉપરાંત દંડની રકમ સાથે કુલ રૂ.૫ લાખનો દંડ સંસ્થાએ/મેનેજમેન્ટે યુનિવર્સિટીમાં તાત્કાલિક જમા કરાવવો અને આવનારા બે શૈક્ષણિક વર્ષ ૨૦૦૫–૦૬ અને ૨૦૦૬–૦૭ માટે આ સંસ્થાના મેનેજમેન્ટ તરફથી વીર

નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોઈ પણ નવાં અભ્યાસક્રમો કે નવાં વર્ગો/ડિવીઝન (ચાલું જોડાણો સિવાય) શરૂ કરવા તેઓની કોઈ નવી અરજી સ્વીકારવી નહીં તથા તેઓને તેવા કોઈ નવા જોડાણો (ચાલું જોડાણો સિવાય) મંજૂર કરવા નહીં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તા.૧૦/૮/૨૦૦૪નાં રોજ યુનિવર્સિટીનાં કુલપતિશ્રીની હાજરીમાં વાલી/વિદ્યાર્થીઓના ટોળાએ યુનિવર્સિટીમાં જે અભદ્ર વર્તન થયું છે તેને સિન્ડિકેટની આ સભા સખત શબ્દોમાં વખોડી કાઢે છે તથા તે વિદ્યાર્થીઓએ આ ઘટના માટે યુનિવર્સિટીની લેખિત માફી માંગવાની રહેશે.

(૩૩) વીર નર્મદ યુનિવર્સિટી ના તમામ વિભાગો અને બિલ્ડીંગોને ફાઈબર ઓપ્ટીક નેટવર્કમાં જોડવા માટે ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા. આના અનુસંધાનમાં મળેલ ત્રણ ટેન્ડરોનું કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ આ સાથે સામેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત. (કોમ્પ્યુટર સાયન્સ વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર ફાયબર ઓપ્ટિક નેટવર્ક માટે આવેલ ત્રણ ટેન્ડરમાંથી Geo Systems & Solutions, Surat ના ભાવો સૌથી ઓછા છે. આ પાર્ટીએ બે ઓપશન "ફુલ રીડનડન્સી" અને પાર્શીયલ રીડન્ડસી" આપેલ છે. આ બે ઓપશનમાં ફુલ રીડન્ડન્સ ઓપશન ટેકનીકલી વધારે લાભદાયી હોવાથી આ ઓપશન સ્વીકાર્ય છે. સદરહુ પાર્ટી સાથે ભાવો ઓછા કરાવવા માટે જરૂરી વાટાઘાટ કરવાની સત્તા ઈ.ચા.કુલસચિવશ્રીને આપવી અને ઓછા કરેલ ભાવે પ્રસ્તુત પાર્ટીને તેમની દરખાસ્તની અન્ય શરતોને આધિન કોન્ટ્રાકટ આપવો.

(૩૪) ડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેશ એન્ડ મેનેજમેન્ટનાં વડાશ્રીનાં મેનેજમેન્ટ ફેકલ્ટીમાં બે વર્ષનો (ફુલ ટાઈમ) પોસ્ટ ગ્રેજયુએટ એમ.બી.એ. પ્રોગ્રામ હેઠળ 'ટુરિઝમ એન્ડ હોટલ મેનેજમેન્ટ'(સેલ્ફ ફાઈનાન્સ) (Tourism & Hotel Management) અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ની ફી નકકી કરવા બાબતનાં ડિપાર્ટમેન્ટનાં વડાશ્રી નાં તા.૨૮/૬/૦૪ નાં પત્ર નં. એમબીએ/ટીસીએચ/૭૦ પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડી.બી.આઈ.એમ.વિભાગના એમ.બી.એ.ના (સેલ્ફ ફાયનાન્સ) બે વર્ષનાં (ફૂલ ટાઈમ) રેગ્યુલર એમ.બી.એ.પ્રોગ્રામની વાર્ષિક ફી રૂા.૩૨,૦૦૦/– રાખવી અને તે જ ફી 'પ્રવાસ અને હોટલ મેનેજમેન્ટ' (Tourism & Hotel Management) નાં કોર્સ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે પણ રાખવી.

(૩૫) એમ.સી.એ.નાં સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫ ની ફી નકકી કરવા બાબતનાં કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીનાં તા.૧૨–૮–૦૪નાં પત્ર પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.સી.એ.(Master of Computer Application) અભ્યાસક્રમની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૪–૨૦૦૫ માટેની વાર્ષિક ફી રૂા.૨૫,૦૦૦/– રાખવી.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા: ૨૩–૮– ૨૦૦૪ ઈ.ચા.કુલસચિવ
ક્રમાંક : એસ–૧(૧)/૭૪૮૫

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ............